| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૨ | ૦૩ | ૨૦૨૬ |
| રજી. તારીખ : | ૦૨ | ૦૩ | ૨૦૨૬ |
| ફેસંલ તારીખ : | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફોજ.પરચુ.અરજી નં. ૨૨૪/૨૦૨૬**
**આંક:-૦૬**

રસુલ નથુભાઇ ડફેર
ઉ.વ.આ.૨૬, ધંધો-મજુરી
રહે.ગેડીયા, તા.પાટડી
જિ.સુરેન્દ્રનગર .............અરજદાર

**વિરુધ્ધ**

શ્રી સરકાર .............સામાવાળા

---

વિ.વકિલશ્રી એફ.આઇ.કારીચાણીયા.........................અરજદાર તરફે
વિ.પી.પી.શ્રી એમ.પી.સભાણી...............સામાવાળા શ્રી સરકાર તરફે

---

**બાબત:-**બી.એન.એસ.એસ.કલમ ૪૮૩ મુજબ વચગાળાની જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી લખતર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૩૦૨૪૦૩૬૯/૨૦૨૪, બી.એન.એસ.કલમ ૧૦૩(૧), ૧૦૯(૧), ૧૧૧(૨)(એ),૧૧૧(૩),૫૪ તથા આર્મસ એકટની કલમ ૨૫(૧)(૧-બી)એ, ૨૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ **(સેશન્સ કેસ નં. ૫/૨૫)** મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ અને અરજદારને તેઓના પિતાને પેટમાં તકલીફ હોય અને તે અંગે ઓપરેશન કરાવવાનુ હોય અને જરુરી નાણાકીય વ્યવસ્થા કરવાની હોય માટે દિન-૨૦ ના વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એમ.પી.સભાણી હાજર થયેલ છે અને તેઓએ તપાસ કરનાર અમલદારનો રિપોર્ટ રજુ કરેલ છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી હાલના ગુનાના કામે ઘણા લાંબા સમયથી જયુ.કસ્ટડીમા છે અને અરજદાર સામેનો સેશન્સ કેસ હાલ પુરાવાના સ્ટેજે છે. વધુમાં અરજદારના પિતા નથુભાઈ મીઠુભાઈ છેલ્લા ઘણા સમયથી પેટની તકલીફથી પિડાય છે અને તેમને અચાનક પેટનો દુખાવો વધી જતા જનરલ હોસ્પિટલ સીધ્ધપુરમા બતાવવા ગયેલ અને તે અંગે રિપોર્ટ કરાવ્યા બાદ પથરીની તકલીફ હોય ડોકટરે ઓપરેશન કરાવવાની સલાહ આપેલ છે. વધુમાં અરજદારના પિતા વૃધ્ધ ઉંમરના હોય અને કામકાજ કરી શકતા ન હોય હાલના અરજદારે દિકરા તરીકે હાજર રહેવુ જરુરી છે અને ઓપરેશન અંગે જરુરી નાણાકીય વ્યવસ્થા કરવા માટે પણ અરજદારની હાજરીની જરુર છે. વધુમાં જણાવેલ છે કે અરજદારને વચગાળાના જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકિતનો દુરઉપયોગ કરશે

નહી અને મળેલ સ્વતંત્રતાનો દુરઉપયોગ કરશે નહી.અરજદાર અરજીમા જણાવેલ સરનામે રહે છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.જેથી અરજદાર/ આરોપીને અરજીમા જણાવેલ વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામા આવતા વિ.પીપીશ્રી એમ.પી.સભાણીનાઓએ તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક-૫ નો અહેવાલ વંચાણે લઈ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીના એક સગા મોટા ભાઈ છે. અરજદારના માતા પણ છે અને અરજદારના પિતાજીના કૌટુંબિક ભાઈઓ પણ છે. વધુમાં અરજદારના પિતાશ્રીએ સુરેન્દ્રનગર અને અમદાવાદ નજીક હોવા છતાં સીધ્ધપુર મુકામે તેમના પરીવારના માણસો રહેતા હોય સીધ્ધપુર ઓપરેશન કરાવવાનુ નકકી કરેલ છે.વધુમાં જણાવેલ છે કે, આ કામના ત.ક.અમલદારે અરજદારના પિતાની સારવાર કરનાર ડો.ભરતભાઈ મિસ્ત્રીનુ નિવેદન લેતા અરજદારના પિતાને પથરીની તકલીફ હોવાનુ જણાવેલ છે અને દર્દીને વધુ રિપોર્ટ કરાવવાનુ જણાવતા દર્દીએ અત્યારે રિપોર્ટ કરાવવા નથી તેવુ જણાવેલ અને તા.૨૩-૩-૨૬ ના રોજ બતાવવા આવશે ત્યારે રિપોર્ટ કરાવશે તેમ જણાવેલ હતુ. વધુમાં ડોકટરશ્રીએ તેમના નિવેદનમા દર્દીના વધુ રિપોર્ટ કરાવ્યા પછી જ દર્દીને કેવા પ્રકારની સારવારની જરુર છે તે નકકી થાય તેવુ જણાવેલ છે. વધુમાં દલીલમા જણાવેલ છે કે, આ કામે અરજદારના પિતાને જે પથરીની તકલીફ છે તે અંગે અરજદારના મોટાભાઈ, અરજદારના માતા તેમજ કુટુંબના અન્ય લોકો પણ છે અને તેમના દ્વારા પણ આ તમામ વ્યવસ્થા થઈ શકે તેમ છે અને ઓપરેશન દરમ્યાન હાજરી પણ આપી શકે છે. વધુમાં અરજદાર સામે કુલ ૬૮ જેટલા ગુનાઓ નોંધાયેલ છે અને હાલના કામે પણ અરજદાર સામે મર્ડરનો ગુનો નોંધાયેલ છે. આ

તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારને જો વચગાળાના જામીન ઉપર મુકત કરવામા આવે તો નાસી ભાગી જવાની શકયતા નકારી શકાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીની હાલની આ વચગાળાના જામીન મેળવવાની અરજી નામંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૫) અરજદારની અરજીની વિગતો તથા તપાસ કરનાર અમલદાર નો આંક-૫ નો રિપોર્ટ વંચાણે લીધો. અરજદાર/આરોપી તરફે તેમના પિતા નથુભાઇ મીઠુભાઇ છેલ્લા ઘણા સમયથી પેટની તકલીફથી પિડાય છે અને તેમને અચાનક પેટનો દુખાવો વધી જતા જનરલ હોસ્પિટલ સીધ્ધપુરમા બતાવવા ગયેલ અને તે અંગે રિપોર્ટ કરાવ્યા બાદ તેમને પથરીની તકલીફ હોવાનુ માલુમ પડેલાનુ જણાવેલ છે. વધુમાં અરજદારે તેમના પિતાને ડોકટરે ઓપરેશન કરાવવાની સલાહ આપેલ હોય જેથી એક દિકરા તરીકે હાજર રહેવા માટે અને ઓપરેશન માટે જરુરી નાણાકીય વ્યવસ્થા કરવા માટે હાલની આ વચગાળાની અરજી કરેલ છે. વધુમાં આ કામના ત.ક.અમલદારે અરજદારના પિતાની સારવાર કરનાર ડો.ભરતભાઇ મિસ્ત્રીનુ નિવેદન લેતા અરજદારના પિતાને કિડનીમા પથરીની તકલીફ હોવાનુ જણાવેલ છે અને દર્દીને વધુ રિપોર્ટ કરાવવાનુ જણાવતા દર્દીએ અત્યારે રિપોર્ટ કરાવવા નથી તેવુ જણાવેલ અને તા.૨૩-૩-૨૬ ના રોજ બતાવવા આવશે ત્યારે રિપોર્ટ કરાવશે તેમ જણાવેલ હતુ. વધુમાં ડોકટરશ્રીએ તેમના નિવેદનમા દર્દીના વધુ રિપોર્ટ કરાવ્યા પછી જ દર્દીને કેવા પ્રકારની સારવારની જરુર છે તે નકકી થાય તે રીતેની હકીકત જણાવેલ છે. વધુમાં ત.ક.અમલદારનો રિપોર્ટ વંચાણે લેતા અરજદારના પરીવારમા અરજદારના મોટાભાઇ, અરજદારના માતા તેમજ કુટુંબના અન્ય લોકો પણ છે અને તેમના દ્વારા પણ આ તમામ વ્યવસ્થા થઇ શકે તેમ છે અને ઓપરેશન દરમ્યાન હાજરી પણ આપી શકે છે. વધુમાં સરકારશ્રી દ્વારા પણ અનેક પ્રકારની કાર્ડની યોજનાઓ ચાલે છે અને તે અંતર્ગત પણ નિશુલ્ક ઓપરેશન/

સારવાર થઈ શકે તેમ છે.વધુમાં અરજદાર સામે કુલ ૬૮ જેટલા ગુનાઓ નોંધાયેલ છે અને હાલના કામે પણ અરજદાર સામે મર્ડરનો ગુનો નોંધાયેલ છે. આમ અરજદાર જે તેઓના પિતાના ઓપરેશન માટે વચગાળાના જામીનની માંગણી કરેલ છે તે અંગે તેમા અરજદારની હાજરીની કોઇ આવશ્યકતા જણાતી નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારે જે કારણોસર વચગાળાના જામીનની માંગણી કરેલ છે તેમા હાલના અરજદારની હાજરીની કોઇ જરુરીયાત હોય તેવુ જણાઈ આવતુ નથી.આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ જે કારણોસર વચગાળાના જામીનની માંગણી કરેલ છે તે કારણો અરજદારને વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે યોગ્ય જણાઈ આવતા ન હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**::: હુ ક મ :::**

અરજદાર/આરોપી રસુલ નથુભાઇ ડફેરની ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ ૪૮૩ અન્વયે વચગાળાના જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૭ મી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૭/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*